# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૨૧ • તા.૩ થી ૯ સપ્ટેમ્બર ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.







# જ્ઞાતિના પખવાજ રસિયાઓએ રંગત જમાવી દશાઈ નાતનું નજરાણું પખવાજની





## અમારા માનવંતા પોલીસી હોલ્ડરો, શુભેચ્છકો, મિત્રો તથા સગાસંબંધીઓને

વિઘ્નહર્તા દેવ શ્રી ગણેશજીના
આરાધના ના પર્વ "ગણેશ ચતુર્થી"ની
હાર્દીક શુભેચ્છા...

અમારા દ્વારા ક્યારે પણ
જાણતા કે અજાણતા
કોઈ પણ પ્રકારે
દુખઃ લાગ્યુ હોય તો
મન, વચન અને કાયા ના યોગથી

**॥ મિચ્છામી દુક્કડમ્ ॥**



## શા. રાયચંદ રતનશી કારાણી પરિવાર, સુથરી-મુલુંડ



Karani




નરેન રાયચંદ કારાણી
9322228114

યશોધન રાયચંદ કારાણી
9821137737

insurancekhoj.com™
the ultimate stop for insurance ™

દિપક રાયચંદ કારાણી
9821082664

Office : 404, BPS Plaza, Devidayal Road, Mulund (West), Mumbai - 80.
Email : insurancekhoj@gmail.com • Web : www.insurancekhoj.com • Mob.:7977101415



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# જીવનમાં આવતો સંઘર્ષ જુસ્સો વધારે છે

જીવન દરમ્યાન આવતો સંઘર્ષ એ આપણા કર્મની ભેટ છે, એવી રીતે સ્વીકાર કરવો જોઈએ. દરેક વ્યક્તિ અંતરથી ઈચ્છતી હોય છે કે પોતાની જીંદગી એકદમ આરામ દાયક અને ખુશીઓથી ભરપૂર હોય. જીવનની દરેક પળોમાં આપણને આનંદ, ઉમંગ અને ઉત્સાહ ભર્યો માહોલ અખૂટ મળતો રહે. મંઝિલ તરફ જતો માર્ગ સરળ, સપાટ અને મુસીબત વગરનો હોય. પણ આ ઈચ્છા, કામના જો ખરોખર સાચી પડતી હોય તો? પણ, જીવન આપણી ઈચ્છાઓ આકાંક્ષા અને સ્વપ્નાઓથી નથી ચાલતું. જીવનમાં બધું સરળતાથી મળે એ પણ શક્ય નથી. દરેકની જીંદગી અલગ અલગ છે. જવલ્લેજ કોઈ એવો ભાગ્યશાળી હશે જેને બધું સહજતાથી મળી જતું હશે. બહુધા જણ એવા હોય છે. જે સફળ થવા માટે આકરો સંઘર્ષનો સામનો કરતા હોય છે. નિષ્ફળતા અને પડકારોને પરાજિત કરી મંઝિલ પામનાર જ આખરે સિદ્ધિઓને પામનાર સિકંદર છે.

સરળતાથી કે આસાનીથી મળતી કોઈપણ જણસ કે સિદ્ધિની કદર હોતી નથી. શ્રમ અને સાધના પશ્ચાત મળેલી સફળતા જ શિર પર મુકુટની જેમ શોભે છે. કોઈપણ વસ્તુ પ્રાપ્ત કરવાં જેટલાં નબળાં છીએ તો એ મેળવવા માટે આપણને અતિમુશ્કેલી થવાની જ છે. સંઘર્ષો જ આપણને સાહસ માટે પ્રેરણા આપે છે. સંઘર્ણ જ આપણને ખરેખર આગળ ધપતાં રાખે છે. સંઘર્ષ વિના કોઈપણ વ્યક્તિનો વિકાસ ન થઈ શકે એ હકીકત છે. સંઘર્ષ ને જોઈ પાછી પાની કરે એ સાહસિક નથી. એ લડ્યા વગર પરાજીત સ્વીકારી લેનાર નબળો સિપાઈ છે. શરણાગતિ પામનાર સૈનિક છે. જે ક્યારે જંગમાં જીતી શક્તો નથી. આખરે તો પરાક્રમી જ પોતાની સફળતાના મારગને સરળ બનાવી શકે છે.

આપણું જીવન કેવા અને કેટલાં સંઘર્ષોથી પસાર થયુ છે. તેને પાર કરવા કેવાં અને કેટ કેટલા કોઠા વીંધયા છે તે જ બીજાને માટે પ્રેરણા દાયક બની શકે છે. અન્ય માટે ઉદાહરણ રૂપ થઈ શકે છે. નાના બાળકને કોઈ સહજ રીતે કોઈ ચીજ હાથમાં પકડાવી દે એ રીતે સફળતા હાથવેંત મળતી રહેતો સંઘર્ષ શું છે. એનો પણ આપણને ક્યારે ખ્યાલ મળશે નહીં. બીજાઓના અનેક સંઘર્ષો ભરી જીવન ગાથામાં રસ ધરાવીએ છીએ પણ ખુદ પોતાની સંઘર્ષ ભરી દાસ્તાન સામે લડવાનુ આપણે પસંદ કરતા નથી. વાસ્તવિક્તા સામે લડનાર જ આખરે પરિસ્થિતિ બદલી શકે છે.

નદી ક્યારે એવું નથી વિચારતી કે દરિયો કેટલો દૂર છે. એતો સાગરમાં સમાવવાની તત્પરતા તાલાવેલીમાં પોતાની સામેની અડચણોને પાર કરતી આગળ વધતી રહે છે અને આખરે પોતાની મંઝિલને પામે છે. સંઘર્ષો જ આપણા સપનાઓ માટેનો રસ્તો બનાવે છે. મંઝિલ સુધી પહોંચવાનું ઝનૂન જ સંઘર્ષોને પાર કરવાનુ સાહસ આપણામાં પેદા કરે છે. માટે જ સંઘર્ષ આવે એ જરૂરી છે. એનાથી આપણામાં જોમ, જુસ્સો જાગે છે અને પથમાં આગળ વધવાની પ્રેરણા મળે છે.

– જય જ્ઞાતિમૈયા

# ક્ષમાપના વાંચ્છી શુદ્ધ થઈએ




નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

ભગવાન મહાવીર કહ્યું છે કે બહારના શત્રુઓ સાથે લડવાથી તેની સાથે વેરભાવ ધરાવવાથી તને શું મળવાનું છે? તે શત્રુઓ તારું શું બગાડી શકવાના? કેટલું બગાડી શકવાના? ખરા શત્રુ તો તારી અંદર પેઠેલાં છે. જે અદ્રશ્ય છે છતાં તને ક્ષણે ક્ષણે કોતરી રહ્યાં છે. તારી અંદર વસેલા ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ, કામ, ઈર્ષ્યા વિગેરે શત્રુઓની ટોળી આંતર શત્રુઓ છે. જે જીવના ખૂંખાર શત્રુઓ છે. લડાઈ તો અંદરના શત્રુ સાથે કરવાની છે સંગ્રામ તો ત્યાં માંડવાનો છે.

દ્વેષ ભાવ યુક્ત પ્રસંગો વ્યવહારથી સંબંધોમાં તડ પડે છે જે સમય જતાં તિરાડનું રૂપ લઈ લે છે. એનાથી વધુ વખત જતા સંબંધમાં ભંગાણ પડે છે, બે ભાગલા કાયમના બને છે. વર્ષોનો સ્નેહ સંબંધ ખોરવાય છે. સ્વજન શત્રુ બની જાય છે. વહાલાં પણ દવલાં બની જાય છે. દ્વેષ દુર્ભાવ એ એવું બીજ છે એમાં દરેક સમયે ઘડીએ ઘડી ખાતર પાણી નખાય છે અને બીજમાંથી વેરના અંકુર ફૂટે છે અને આગળ વખત જતાં વિરાટ વૃક્ષનું રૂપ ધારણ કરે છે. આ જન્મમાં જો વેરનું વિસર્જન કરવામાં ન આવે તો બીજા ભવોમાં પણ એની પરંપરા લાંબી ચાલે છે. ઋણાનું બંધીની જેમ વેરાનુ બંધ ના કુદરતી યોગ સર્જનથી બે વેરીઓ ભવાંતરમાં પણ ભેગા થઈ જાય છે. આ વેર અદાવતનો અંત અનંત થઈ ને ચાલે છે. આગળ વધે છે.

કાદવના છાંટા પડવાથી કપડાં બગડે છે તો તેને ધોઈને સ્વચ્છ કરીએ છીએ. કચરાને ઝાડુ પોતાથી સાફ કરી લઈએ છીએ. શરીર પર થયેલ ઘાને મલમપટ્ટાના ઉપચાર કરી સમુસુતરું કરી દઈએ છીએ. તો સંબંધોમાં અટંસ પડી ગઈ હોય તો તેને સમારવાનો, સુધારવાનો પ્રયત્ન શા કારણે ન થાય?

આપણાં તીખા, તાતા, કડવા વેણ વચનોથી કોઈના દિલમાં ઘા પડ્યા હોય તો ક્ષમા પ્રાર્થનાના મલમપટ્ટાથી એને રૂઝવાના પ્રયત્ન કેમ ન થાય? મનમાં કષાયનો કચરો ભરાયો હોય ત્યારે ક્ષમાપનાની સાવરણી દ્વારા સાફ કરી જીવતર શાંત કરવા પહેલ કરવી જોઈએ. સંવત્સરી પ્રતિક્રમણ કરી લીધા છતાં કેટલીક વ્યક્તિઓ ના ચહેરા-મહોરા નજર સમક્ષ આવતા પૂર્વગ્રહ દ્વેષ ભાવ કે વેર ભાવ આવે તો તપ, જપ અને ધર્મ આરાધનાથી મળેલ પુણ્ય નિરર્થક રહે છે. ખરી ક્ષમાપના તેમની સાથે કરવાની છે જેમની સાથે સંબંધો વણસેલા છે. એક એક વ્યક્તિને યાદ કરીને તેને વ્યવહાર, વાણી, કર્મ કથનીથી કરેલ દુર્વ્યવહારની ક્ષમા માંગીએ અને અંતકરણની શુધ્ધિ કરીએ.

સૌ મહાજન મોવડીઓ, શ્રેષ્ઠીઓ, સ્નેહી સ્વજનો અને સૌ જ્ઞાતિજનોને મિચ્છામિ દુક્કડમ.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# જ્ઞાતિના પખવાજ રસિયાઓએ રંગત જમાવી દશાઈ નાતનું નજરાણું પખવાજની





તા.૨ સપ્ટેમ્બર શુક્રવારના કદઓ જૈન મહાજન ગાંધીધામ દ્વારા ભારત નગર મહાજનવાડી ગાંધીધામમાં દશાઈ નાતનું નજરાણું એવા પખવાજની અદ્‌ભૂત રંગત જમાવી હતી.

તબલાના તાલ, ઝાઝપંખના તાલ, બધ્ધ સંગત સાથે ચાર-છ લીટીના નાના અર્થપૂર્ણને ધર્મભક્તિ ભાવના ગીતને ઊંચા નીચા સૂરમાં સમૂહ રીતે ગવાય તે પખાવાજ એટલે પખવાજ આ પખવાજને આજ પણ કેટલાક મહાજનોના ભાવિકોએ ટકાવી રાખ્યું છે. વડીલો દ્વારા મળેલ આ અમૂલ્ય વારસો ટકી રહે અને યુવા પેઢીને પણ પખવાજ પ્રત્યે આકર્ષણ થાય એ ઉમદા હેતુથી ગાંધીધામમાં આ ભવ્ય આયોજન થયું. સ્વ.મયૂરભાઈ જેઠાભાઈ લોડાયા નલિયા અંતરજાળના સહયોગી શ્રી કદઓ જૈન મહાજન ગાંધીધામે પખવાજ કાર્યક્રમનું આયોજન કરેલ. જેની વ્યવસ્થા શ્રી પખાવાજ યુવા ગ્રુપ અંતરજાળ તથા શ્રી કદઓ જૈન યુવક મંડળ ગાંધીધામએ કુશળતાપૂર્વક કરેલ.

શરૂઆતે ગાંધીધામ મહાજનના પ્રમુખ લહેરચંદભાઈ આણંદજી ખોના તથા કચ્છ એકમના પ્રમુખ મહેશભા ખીમજી લાલકાએ પધારેલ સૌને સ્વાગત પ્રવચન કરી આવકાર આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સાર્થક મંડળના પ્રમુખ હિતેન સૂર્યકાન્ત છેડાએ સંભાળ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી પખાવાજ યુવા ગ્રુપના સભ્યો વિરાજ મૈશેરી, વિપુલ છેડા, અનિષ લોડાયા, સાગર લોડાયા, કુણાલ લોડાયા, ગૌરવ મોમાયા, સૌરભ લોડાયા, સંદીપ લાલકા, હિતેશ મોતા, ગૌતમ લોડાયાએ વ્યવસ્થા સુચારૂપણે સંભાળી હતી. આ પખવાજ કાર્યક્રમમાં ગાંધીધામના કેડીઓ મહિલા ગ્રુપ તથા નલિયા, વરાડિયા, સાંયરા, તેરા, મહાવીર નગર, કોઠારા, ગાંધીધામ, વડોદરા વગેરે ગામ શહેરના પખવાજ મંડળ-મહાજનના પખવાજ રસિયાઓ પખવાજ સ્તવનો રજૂ કરી સેંકડોની સંખ્યામાં હાજર રહેલ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. રાત્રે નવ વાગે શરૂ થયેલ કાર્યક્રમ વહેલી સવાર સુધી ચાલુ રહ્યો હતો.

આ સંપૂર્ણ કાર્યક્રમ યુટ્યૂબના માધ્યમે લાઈવ ટેલિકાસ્ટ થયેલ જેને દેશ વિદેશના રસિકોએ મનભરીને માણ્યો હતો. યુટ્યૂબ લિંક https://youtu.be/zpG4GbYGybI ઉપર ૫.૦૯ કલાકનો આ કાર્યક્રમ આજે પણ આ કાર્યક્રમ ઘરબેઠા માણી શકાશે.





# શ્રી કદઓ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ સંજીવની યોજનામાં લાઈફટાઈમ પેટ્રન તરીકે સહભાગી થયા





પરોપકારનો અર્થ એટલે અન્યોની ભલાઈ કરવી. ઈતર વ્યક્તિના દુઃખ દર્દમાં સાથે રહી તેને સાથે અને સહાનુભૂતિ આપીએ તો તેની આપતિ બોજ હળવો થઈ જાય. સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની અદ્‌ભૂત અને લોકપ્રિય યોજના સંજીવની યોજના સામાન્ય સ્થિતિના જ્ઞાતિજનો માટે રામબાણ કાર્ય કરી રહી છે.

આ યોજનાના વિવિધ કેટેગરીઓમાં કોઈપણ ઉદાર દિલ દાતા કે સંસ્થા જોડાઈ સાથ હાથ આપી શકે છે. પર્યુષણ પર્વના પાવન દિવસોમાં શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદના ટ્રસ્ટીઓ અને પદાધિકારીઓએ જ્ઞાતિજનો પ્રત્યે ઉદારભાવ દાખવી સંજીવની યોજનાના લાઈફ ટાઈફ ટાઈમ પેટ્રન તરીકે જોડાયા છે. આ યોજના દ્વારા મેડિકલ સમિતિ પાસે આવતી મદદ અરજીકર્તાને પ્રત્યેકને રૂા.૨૦૦૦ લેખે અપાશે.

અમદાવાદ જ્ઞાતિ મહાજનના દરેક મોવડી શ્રેષ્ઠી અને પદાધિકારીઓની આ ઉદારતા ભરી પહેલની માટે આભાર લાગણી સાથે અનુમોદના કરીએ છીએ.

# જ્ઞાતિમાં પખવાજની લોકપ્રિયતામાં પૂરક બનેલ પખવાજ સ્તવનોની પુસ્તિકાઓ







આજથી બે દાયકા પૂર્વે એટલે વીસ વર્ષ અગાઉ પખવાજ સ્તવનોની કોઈ પુસ્તિકાઓ ઉપલબ્ધ ન હતી. વરાડીયા દેરાસરના જ્ઞાન પુસ્તકોના કબાટમાંથી દીપક ગંગાજર ડાધાને એક જૂનું સ્તવન સંગ્રહનું પુસ્તક હાથ લાગ્યું. જેમાં જૂના જૂના સ્તવનો અને પ્રભાતિયા સહિત ઘણા ભક્તિ ગીતો હતા. તેમાંથી પ્રખ્યાત પખવાજ, પ્રભાતીયા તથા અન્ય સ્તવનો ચૂંટી તથા અમુક જાણીતા ભક્તિ ગીતો ઉમેરીને દીપમણિ વેલ નામે સંગ્રહ સન ૨૦૦૩માં વરાડિયા જિનાલયના શતાબ્દિ મહોત્સવ પ્રસંગે પ્રગટ કર્યો. જેનું વિમોચન તત્કાલીન મુંબઈ મહાજનના પ્રમુખ હીરાચંદ અરજણ પટેલના વરદ હસ્તે થયું.

ત્યારબાદ ૨૦૧૨માં તેરા વડોદરાના શાંતિલાલ કલ્યાણજી લોડાયાએ કલ્યાણ સૂર સંગમ નામે એક પખવાજ તથા જિન ભક્તિ સ્તવન સંગ્રહ પ્રસિધ્ધ કર્યો. જેમાં પ્રાચીન પખવાજ તથા લોકપ્રિય સ્તવનનો સમાવેશ કરાયો છે. આ બંન્ને પ્રકાશનો પખવાજ પ્રેમીઓમાં પ્રિય થયા છે.

---

# મુંબઈના પ્રસિદ્ધ લાલબાગના રાજાના સ્થાપક છે કુંવરજી જેઠાભાઈ ધરમશી

મુંબઈના ચીંચપોકલી વિસ્તારના સુપ્રસિદ્ધ લાલબાગના રાજા કહેવાતા સાર્વજનિક ગણપતિની શરૂઆત વર્ષ ૧૯૩૪માં થઈ હતી. આ સાર્વજનિક ગણેશોત્સવના સ્થાપક હતા. કચ્છ સુથરીના કુંવરજી જેઠાભાઈ ધરમશી.

નવસના ગણપતિ એટલે કે માનતા પૂરી કરતા એવા ગણપતિ તરીકે મુંબઈ. દેશ ઉપરાંત વિશ્વભરમાં વિખ્યાત છે. આ વર્ષે લાલબાગમાં ૮૯મા વર્ષે ગણેશોત્સવની ઉજવણી થઈ રહી છે.



# મુંબઈ તેમજ દેશ-દેશાવર તથા પરદેશમાં આબાલ વૃદ્ધો દ્વારા ઉગ્ર તપ આરાધનાઓ થઈ

## જ્ઞાતિજનોમાં ઉત્તરોત્તર તપ આરાધનામાં થયો વધારો

કોરોના ના કપરા કાળ પછી ના આ પ્રથમ વર્ષે દરેક તહેવારો ઉજવવાનો અદ્‌ભૂત ઉત્સાહ ભાવ જોવા મળે છે. એ જ પ્રમાણે પર્યુષણ મહાપર્વ પ્રસંગે ઠેર ઠેર દેશ દેશાવર માં વિવિધ નગર સંઘ મહાજનો માં અદ્ભૂત તપસ્યાઓ થઈ છે. જે ખરેખર અનુમોદનીય છે. અમારી પાસે આવેલ વ્યકિતગત તેમજ વિવિધ મહાજનો સંઘ દ્વારા મળેલ તપસ્વીઓની યાદી માં ૮ ઉપવાસ કરેલ તપસ્વીઓની નામાવલી અને ૯ માસને તેથી ઉપર કરેલ તપસ્વીઓના ફોટા અત્રે પ્રગટ કર્યા છે. દરેક ધર્મ આરાધના ઓ કરેલ તપસ્વીઓની સમસ્ત મહાજન ભૂરી ભૂરી અનુમોદના કરે છે અને દરેક તપસ્વીઓ તપ આરાધના કરી ધર્મ ભાવ શિખર આરોહણ ઉન્નત કરેલ છે. આ ભાવ કાયમ પ્રર્વતક રહે એજ ઈચ્છીએ.



**જયવંતી છેડા**
**ઉપવાસ-૩૨**



**મહેન્દ્ર ગોસર**
**ઉપવાસ-૩૧**



**રેશ્મા મુનવર**
**ઉપવાસ-૩૧**



**ખુશાલ પોલડીયા**
**ઉપવાસ-૩૦**



**પ્રતીક ખોના**
**ઉપવાસ-૩૦**



**નિશા શિયાડ**
**ઉપવાસ-૩૦**



**જેસલ મોમાયા**
**ઉપવાસ-૩૦**



**એકતા દંડ**
**ઉપવાસ-૩૦**



**મયુર લોડાયા**
**ઉપવાસ-૨૪**




**ધનલક્ષ્મી મોતા**
**ઉપવાસ-૧૬**



**વંદના મોમાયા**
**ઉપવાસ-૧૬**



**તન્વી પોલાડીયા**
**ઉપવાસ-૧૬**



**રાગીની ડાગા**
**ઉપવાસ-૧૬**

## ધન્ય તપશ્ચર્યા તમારી, સ્વીકારો અનુમોદના અમારી

# મુંબઈ તેમજ દેશ-દેશાવર તથા પરદેશમાં આબાલ વૃદ્ધો દ્વારા ઉગ્ર તપ આરાધનાઓ થઈ

## જ્ઞાતિજનોમાં ઉત્તરોત્તર તપ આરાધનામાં થયો વધારો



**સલોની પોલાડીયા**
ઉપવાસ-૧૬



**સલોની સોની**
ઉપવાસ-૧૬



**હિમાંશી મોતા**
ઉપવાસ-૧૬



**શૈલેશ મોતા**
ઉપવાસ-૧૬



**શૈલેશ પોલાડીયા**
ઉપવાસ-૧૬



**કેવલી સાયલા**
ઉપવાસ-૧૬



**નયન કાકન**
ઉપવાસ-૧૬



**ભુમીલ ધરમશી**
ઉપવાસ-૧૧



**હરીશ મોમાયા**
ઉપવાસ-૧૧



**હર્ષા ધરમશી**
ઉપવાસ-૧૧



**કિર્તીદા નાગડા**
ઉપવાસ-૧૦



**તન્વી લાલકા**
ઉપવાસ-૧૧



**દિવ્યા ખોના**
ઉપવાસ-૯



**હિરલ શિયાળ**
ઉપવાસ-૯



**વસંત પોલાડીયા**
ઉપવાસ-૯



**ભુપેન લોડાયા**
ઉપવાસ-૯



**ગુણવંતી નાગડા**
પૌષધ + ઉપવાસ ૮



**મનલક્ષ્મી લોડાયા**
ઉપવાસ-વરસીતપ



**કાશ્મીરા લોડાયા**
ઉપવાસ-વરસીતપ



**અલ્પા લોડાયા**
ઉપવાસ-સિદ્ધી તપ

# ધન્ય તપશ્ચર્યા તમારી, સ્વીકારો અનુમોદના અમારી

| | | | |
|---|---|---|---|
| ૩૨ ઉપવાસ | રમીલાબેન નોહનલાલ મોતીચંદ સોની | નલિયા | ભાંડુપ |
| ૩૧ ઉપવાસ | મહેન્દ્ર મુલજી ગોસર | બાયઠ | થાણે |
| ૩૧ ઉપવાસ | રેશ્મા તેજસ ભરત મુનવર | રંગપુર | નવી મુંબઈ |
| ૩૦ ઉપવાસ | ચીમનલાલ નાગશી મોમાયા | ડુમરા | હુબલી |
| ૩૦ ઉપવાસ | એકતા મયુર જવેરચંદ દંડ | સાંધવ | ડોંબિવલી |
| ૩૦ ઉપવાસ | જેસલ કિરણ જીવરાજ મોમાયા | તેરા | મસ્જિદ બંદર |
| ૩૦ ઉપવાસ | નિશા હરીશ ખેતશી શિયાળ | જખૌ | અમદાવાદ |
| ૧૬ ઉપવાસ | ધનલક્ષ્મી સુરેશ વિસનજી મોતા | કુવાપધર | ખામગામ |
| ૧૬ ઉપવાસ | હેમાંશી હેમંત સુરેશ મોતા | કુવાપધર | ખામગામ |
| ૧૬ ઉપવાસ | કાંતિલાલ પદમશી મોતા | નલિયા | ગદગ |
| ૧૬ ઉપવાસ | કેવલી સુનિલ ધનજી સાયલા | લુણી | ખંડવા |
| ૧૬ ઉપવાસ | નયન મુલચંદ કાકણ | સાંધાણ | વડોદરા |
| ૧૬ ઉપવાસ | પિંકી અશ્વિન ખીમજી લોડાયા | લાલા | ડોંબિવલી |
| ૧૬ ઉપવાસ | સલોની હેમંત ઠાકરશી સોની | વાંકુ | આદિપુર |
| ૧૬ ઉપવાસ | સલોની શૈલેષ ઝવેરચંદ પોલાડિયા | બાયઠ | ડોંબિવલી |
| ૧૬ ઉપવાસ | શૈલેષ જવેરચંદ પોલાડિયા | બાયઠ | ડોંબિવલી |
| ૧૬ ઉપવાસ | શૈલેષ મધુકર શાહ મોતા | નલિયા | ઈન્ડોનેશિયા |
| ૧૬ ઉપવાસ | તન્વી હિતેશ હરીશ પોલાડિયા | ડુમરા | ડોંબિવલી |
| ૧૬ ઉપવાસ | તારાબાઈ મહેન્દ્ર પદમશી પીર લોડાયા | સુથરી | ડોંબિવલી |
| ૧૬ ઉપવાસ | વંદના નરેશ ઉત્તમચંદ મોમાયા | વારાપધર | હૈદરાબાદ |
| ૧૧ ઉપવાસ | હરીશ ખીમજી મોમાયા | સાંયરા | ડોંબિવલી |
| ૧૧ ઉપવાસ | હર્ષ ધનેશ સૂર્યકાંત ધરમશી | સાંધાણ | વિરાર |
| ૧૦ ઉપવાસ | હિનાબેન હિતેશ હીરાચંદ છેડા | સુજાપર | કાલિકટ |
| ૧૦ ઉપવાસ | કીર્તિદા જવેરચંદ વિરચંદ નાગડા | જખૌ | મુલુંડ |
| ૯ ઉપવાસ | ભૂપેન ખુશાલ લોડાયા | રાપર | વાશી |
| ૯ ઉપવાસ | દિવ્યા ચેતન કુલીકાંત ખોના | તેરા | પુણે |
| ૯ ઉપવાસ | હંસા રૂપશી જીવરાજ લોડાયા | ગોરખડી | ડોંબિવલી |
| ૯ ઉપવાસ | હિરલ ગીતેન નલિન શિયાળ | જખૌ | અમદાવાદ |
| ૯ ઉપવાસ | જયવંતી ગુલાબચંદ હિરજી છેડા | જસાપર | સુરત |
| ૯ ઉપવાસ | ખુશી કુમારપાલ મુલરાજ છેડા | નલિયા | ઘાટકોપર |
| ૯ ઉપવાસ | મૈત્રી લલિત કલ્યાણજી ડાઘા | સુથરી | ભુજોડી |
| ૯ ઉપવાસ | નવીન ઠાકરશી મૈશેરી | નાની સિંધોડી | ભરૂચ |
| ૯ ઉપવાસ | નીતિકા નિર્મલ જવેરચંદ લોડાયા | દલતુંગી | હુબલી |
| ૯ ઉપવાસ | પૂજા લલિત કલ્યાણજી ડાઘા | સુથરી | ભુજોડી |
| ૯ ઉપવાસ | તન્વી તેજસ તિલકચંદ લાલકા | વારાપધર | ઘાટકોપર |
| ૯ ઉપવાસ | ઉષા રાયચંદ કરમશી ધુલ્લા | રંગપુર | ડોંબિવલી |
| ૯ ઉપવાસ | વસંત શિવજી પોલાડિયા | બાયઠ | કાલિકટ |

# ધન્ય તપશ્ચર્યા તમારી, સ્વીકારો અનુમોદના અમારી

## મુંબઈ તેમજ દેશ-દેશાવર તથા પરદેશમાં અઠાઈ તપની આરાધના કરનાર તપસ્વીઓની નામાવલી

લબ્ધી પ્રતીક નાગડા (તેરા-મુલુંડ)
કિંજલ પરેશ દંડ (પરજાઉ-મુંબઈ)
રોમીલ ભરત લોડાયા (રાપરગઢવારી-મુલુંડ)
હાર્દિક ચંદ્રેશ ડાઘા (વાશી-વરાડીયા)
તેજશ મહેન્દ્ર ખોના (જખૌ-ભાંડુપ)
નિર્મલા ભરત લોડાયા (મોટી ખાવડી-ડોંબિવલી)
સ્નેહા સંજય લોડાયા (દલતુંગી-હુબલી)
દિલીપ વેલજી દંડ (મંજલ રેલડીયા-હુબલી)
છાયા બિપીન મોમાયા (સાંયરા-હુબલી)
પ્રમોદ દિપક વિકમશી (વરાડીયા-હુબલી)
હિતેશ મુલચંદ ખોના (મોટી ખાવડી-હુબલી)
વૈભવ સોમચંદ મોમાયા (ડુમરા-હુબલી)
ઉષા મુલચંદ ખોના (મોટી ખાવડી-હુબલી)
ઉમંગ વિમલેશ માલદે (સેવક ભરૂડિયા)
મહેંદી ભાવેશ નાગડા (નલિયા-મુલુંડ)
દિશા જીતેશ ધરમશી (સુથરી-પુસદ)
પ્રવિણા ઉત્તમ ગાલા (તેરા-મુલુંડ)
પ્રિન્સ કિર્તી લોડાયા (મોટી ખાવડી-મુલુંડ)
પ્રવિણા પ્રતાપ લોડાયા (વરાડીયા-કાંજુરમાર્ગ)
રાજેશ ડુંગરશી હેફા (જખૌ-મુલુંડ)
જીતેન ગુલાબચંદ ધરમશી (સાધાણ-વિરાર)
પૂજા ખુશાલ સંઘવી (મુલુંડ)
વિવેક શૈલેન્દ્ર ધરમશી (સાંધાણ-લંડન)
પલક જયેશ લોડાયા (તેરા-ભાંડુપ)
નિલેશ દામજી દંડ (સાંધવ-મુલુંડ)
ચિરાગ પ્રદિપ નાગડા (નલિયા-ડોંબિવલી)
હર્ષલ પ્રદિપ નાગડા (નલિયા-ડોંબિવલી)
મયુર દેવશી ધુલ્લા (સુથરી-માટુંગા)
પંકજ ખીમજી ગોસર (બાયઠ-ભાંડુપ)
પ્રાચી મયુર દંડ (સાંધવ-ડોંબિવલી)
હીના રોનક ખોના (નલિયા-ડોંબિવલી)
ખુશી વિપુલ ખોના (સાયરા-કાંજુરમાર્ગ)
વિધિ મણીલાલ મોમાયા (વરાડીયા-મુલુંડ)
યશ મણીલાલ મોમાયા (વરાડીયા-મુલુંડ)
ગીતા ગૌતમ મૈશેરી (કુવાપધ્ધર-અહમદનગર)
મુકેશ ભવાનજી લોડાયા (મોટી સિંધોડી-ડોંબિવલી)
તેજલ રાજેશ લોડાયા (મોટી સિંધોડી-સાયન)
જયેશ જેઠાલાલ ધુલ્લા (સેવક ભરૂડીયા-ડોંબિવલી)
મનિષા હરીશ મોમાયા (સાંયરા-ડોંબિવલી)
રંજન નરશી સોની (સુથરી-અમદાવાદ)
મુક્તિ પરેશ મૈશેરી (જખૌ-ખારઘર)
વિધી પરેશ મૈશેરી (જખૌ-ખારઘર)
ક્રિશ અમીત નાગડા (પરજાઉ-નાસિક)
પદમ લાલજી લોડાયા (વરાડીયા-ડોંબિવલી)
ચિત્રા પદમ લોડાયા (વરાડીયા-ડોંબિવલી)
મીના કીરીટ ડાઘા (વરાડીયા-મુલુંડ)
પુષ્પાબેન નલીન ખોના (રંગપુર-ભાંડુપ)
દિપેશ જેઠાલાલ લાલકા (વારાપધ્ધર-રાયપૂર)
નીરવ હિતેશ ખોના (સુથરી-ઘાટકોપર)
મિત્તલ વસંત મોમાયા (વરાડીયા-ડોંબિવલી)
કનિષ્કા જીતેન નાગડા (રાપર-મસ્જીદબંદર)
રાહુલ જીતેશ ધરમશી (સુથરી-પુસદ)

# ધન્ય તપશ્ચર્યા તમારી, સ્વીકારો અનુમોદના અમારી

## મુંબઈ તેમજ દેશ-દેશાવર તથા પરદેશમાં અઠ્ઠાઈ તપની આરાધના કરનાર તપસ્વીઓની નામાવલી

| | |
|---|---|
| દિશા જીતેશ ધરમશી | (પુસદ-ઘાટકોપર) |
| રાજુલ જીતેશ ધરમશી | (પુસદ-ઘાટકોપર) |
| પ્રિતેશ લહેરચંદ લોડાયા | (રાપરગઢવારી-હૈદ્રાબાદ) |
| જીલ અમિત છેડા | (તેરા-નેત્રા) |
| દિશા જીતેશ ધરમશી | (સુથરી-પુસદ) |
| રાજુલ જીતેશ ધરમશી | (સુથરી-પુસદ) |
| દિવ્યા કમલેશ પોલડીયા | (બાયઠ-પાચોરા) |
| દિવ્યા ભરત ધુલ્લા | (ભરૂડિયા-જામનગર) |
| અર્પિતા મનિષ મોમાયા | (જખૌ-આદિપુર) |
| સ્તુતિ પ્રકાશ નાગડા | (કોઠારા-ગઢશીશા) |
| તન્વી તેજસ લાલકા | (વારાપધ્ધર - ચોપડા) |
| સોહમ નિરજ લોડાયા | (સુથરી-ઘાટકોપર) |
| મિહિર અશોક મોમાયા | (વરાડિયા-ભાંડુપ) |
| ક્રિશ જીગર લોડાયા | (સાંધવ-મુલુંડ) |
| છાયાબેન પ્રદીપ પટેલ | (સાંધવ-ડોબિંવલી) |
| મિતલબેન મધુકાંત લોડાયા | (સાંધવ-ભાંડુપ) |
| કાજલબેન નિખિલ પટેલ | (સાંધવ-મુલુંડ) |
| મોક્ષિલ હિતેશ પટેલ | (સાંધવ-મુલુંડ) |
| હિનાબેન દિનેશ મૈશેરી | (મોટી સિંધોડી-ડોબિંવલી) |
| ખમાવંતીબેન મૈશેરી | (મોટી સિંધોડી-ડોબિંવલી) |
| અંકીત ભરત મૈશેરી | (માંડવી-મુલુંડ) |
| તન્વી ઉમેશ મોતા | (નલિયા-ઘાટકોપર) |
| દિવ્યા કમલેશ પોલડીયા | (બાયઠ-પાચોરા) |
| વોમેશ વસંત પોલડીયા | (લુણી-અંબરનાથ) |
| દિપક કુંવરજી મોતા | (રાપર-ડોબિંવલી) |
| દર્શના ચેતન લોડાયા | (સાંધાણ-મુલુંડ) |
| નિરાલી કલ્પેશ શિયાળ | (જખૌ-મુલુંડ) |
| યશ્વી શૈલેષ મોતા | (નલિયા-પૂના) |
| ધ્રુવ હિતેશ પોલડીયા | (ડુમરા-ડોબિંવલી) |
| ધૈર્ય હિતેશ પોલડીયા | (ડુમરા-ડોબિંવલી) |
| ખુશી જીતેન મોમાયા | (સાંયરા-અમદાવાદ) |
| જીતેન કાંતિલાલ મોમાયા | (સાંયરા-અમદાવાદ) |
| જયાબેનને તુષાર છેડા | (સુથરી-મુલુંડ) |
| ભારતી દિલીપ ધુલ્લા | (સુથરી-ડોબિંવલી) |
| યશ હિતેશ નાગડા | (રાપરગઢવારી-મુલુંડ) |
| અમિત અનિલ શિયાલ | (ઘાટકોપર) |
| અજીત અનિલ શિયાલ | (ઘાટકોપર) |
| વિરલ નિરંજન નાગડા | (જખૌ-શહાપુર) |
| તુષાર નરશી છેડા | (સુથરી-મુલુંડ) |
| જૈનિક હિરેન દંડ | (સાંધવ-મુલુંડ) |
| અનંત કુમારપાલ ડાઘા | (વરાડીયા-કોઈમ્બતુર) |
| વિશિત લિતીન લોડાયા | (નાની ખાવડી-કોઈમ્બતુર) |
| વિધ્યા કાર્તિક મોમાયા | (વરાડીયા-કોઈમ્બતૂર) |
| ભવ્ય કિરણ દંડ | (બાયઠ-નવી મુંબઈ) |
| હાર્દિક ચંદ્રેશ ડાઘા | (વરાડીયા-નવી મુંબઈ) |
| લિલમ રાજેન્દ્ર ડાઘા | (વરાડીયા-કુમઠા) |
| સોહમ નિરજ લોડાયા | (સુથરી-ઘાટકોપર) |
| દિપક કુંવરજી મોતા | (રાપરગઢવારી-ડોબિંવલી) |
| ભાવિની જીગ્નેશ ડાઘા | (વરાડીયા-ડોબિંવલી) |
| ચૈતન્યા ધર્મેશ નાગડા | (તેરા-ચુનાભટટી) |
| ગીતા ગૌતમ મૈશેરી | (કુવાપધ્ધર-અહમદનગર) |
| હેમંત સુરેશ મોતા | (કુવાપધ્ધર-ખામગામ) |

# ધન્ય તપશ્ચર્યા તમારી, સ્વીકારો અનુમોદના અમારી

## મુંબઈ તેમજ દેશ-દેશાવર તથા પરદેશમાં
## અઠ્ઠાઈ તપની આરાધના કરનાર તપસ્વીઓની નામાવલી

| | |
|---|---|
| અનુપમા હિરાચંદ ખોના | (નલિયા-ડોબિંવલી) |
| ગુણવતી ભોજરાજ નાગડા | (રાપરગઢવારી-મુલુંડ) |
| યશ્વી શૈલેષ મોતા | (નલિયા-પૂના) |
| પારૂલબેન લીતીન મોમાયા | (સુથરી-મુલુંડ) |
| ધ્વનિબેન પ્રિયેશ પીર | (સુથરી-ડોમ્બીવલી) |
| ભારતી દિલીપ ધુલ્લા | (સુથરી-ડોમ્બીવલી) |
| વાસંતી મણીલાલ મોમાયા | (વરાડીયા-વાપી) |
| ખીમજી પદમશી સાયલા | (સુથરી-ભુજોડી) |
| રંજનબેન નારાણજી ગોની | (સુથરી-ભાંડુપ) |
| નયનાબેન ગુલાબ છેડા | (સુથરી-ડોમ્બીવલી ) |
| મનીષા હરીશ મોમાયા | (સાંયરા-ડોમ્બીવલી) |
| ચિરાગ જયેશ લોડાયા | (સુથરી-ઘાટકોપર) |
| ધારિણી લહેરચંદ સોની | (જખૌ-ડોબિંવલી) |
| કિરીટ કુંવરજી લોડાયા | (સાંયરા-ડોબિંવલી) |
| સુમિત ભરત દંડ | (વરાડીયા-બુરહાનપુર) |
| મનિષા મનિષ મોમાયા | (સાંયરા-ખંડવા) |
| ડો. સાક્ષી મનિષ મોમાયા | (સાંયરા-ખંડવા) |
| આદેશ રાજેન ખોના | (સુથરી-મુલુંડ) |
| લિખેશ દામજી મોમાયા | (વરાડીયા-અમદાવાદ) |
| મયુરી દિલીપ મોતા | (ધુફી-વાપી) |
| તૃપ્તિ તેજસ શાહ | (વારાપધ્ધર-ચોપડા) |
| ફેનિલ વિરેન નાગડા | (સાંધાણ-થાણા) |
| ભારતી ગૌતમ દંડ | (વરાડીયા - મુલુંડ) |
| અમીબેન અશ્વિન ધરમશી | (નલિયા/યવતમાલ) |

## ભાંડુપ કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ ભાંડુપ (અનંતસિધ્ધિ)ના તપસ્વીઓની નામાવલી

**૧૬ ઉપવાસ**

| | |
|---|---|
| જીયા સચીન મોમાયા | રાણપર |
| હીમાંશુ ધીરેશ મુનવર | જખૌ |

**૯ ઉપવાસ**

| | |
|---|---|
| કાજલ મોનીકા તિલેશ ધ્રોળ | તેરા |
| મિહિર અશોક મોમાયા | વરાડીયા |

**૮ ઉપવાસ અઠ્ઠાઈ**

| | |
|---|---|
| ચાર્વિક નીતિન મોમાયા | વરાડીયા |
| તન્વી પીયૂષ મોતા | કુવાપધર |
| સાગર પ્રદીપ દંડ | લાલા |
| તીર્થ અનીલ દંડ | મંજલ રેલડીયા |
| પ્રિન્સ વિનોદ ભોઈતે | |
| એકતા હિતેન્દ્ર ગાંધી | |
| પંકજ ખીમજી ગોસર | બાયઠ |
| ખુશી તીલેશ દંડ | સાંધવ |

**૮ ઉપવાસ અઠ્ઠાઈ**

| | |
|---|---|
| જય મહેશ ધરમશી | જસાપર |
| કિંજલ ભાવીન લોડાયા | બાંડીયા |
| મુકુંદ મણીલાલ મોમાયા | સુથરી |
| ગીતાબેન મુકુંદ મોમાયા | સુથરી |
| ગૌરવ લીતીન મોમાયા | સુથરી |
| સૌ. સુનીતાબેન મનીષ લોડાયા | મોટી સિંધોડી |
| કિરણ કુમાર નારાણજી મોમાયા | સુથરી |
| પાર્થ ભાવેશ સોની | સુથરી |
| ભાવેશ મેઘજી સોની | સુથરી |
| પલક જયેશ લોડાયા | તેરા |
| કોમલ કેતુલ લોડાયા | સાંધવ |
| કેતુલ હીરાલાલ લોડાયા | સાંધવ |

**ક્ષીરસમુદ્ર તપ**

| | |
|---|---|
| સિધ્ધાંત ચેતન લોડાયા | વારાપધ્ધર |

# ચાલીસગામ સંઘમાં મહાવીર જન્મ મહોત્સવ ધર્મભાવ સાથે સંપન્ન





તા.૨૮ ઓગસ્ટ રવિવારના મહાપર્વ પર્યુષણના પાંચમાં દિને ખાનદાન પ્રાતંના ચાલીસગામ નગર સંઘમાં મહાવીર જન્મ મહોત્સવ ઉજવણી અનન્ય ધર્મ ભાવ સાથે થઈ. મહાવીર સ્વામી પારણું પધરાવવાનો લાભ માતુશ્રી માધુરીબાઈ ભવાનજી લોડાયા, કોઠારા-ચાલીસગામ પરિવારે લીધો હતો. સંઘના શ્રાવક શ્રાવિકાઓ અદ્‌ભૂત ઉત્સાહ ભાવ સાથે ઉપસ્થિત રહ્યાં હતા અને ધર્મલાભ લીધો હતો.

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન નલિયાની ચૂંટણી પ્રક્રિયા સંપન્ન

તા.૨૮ ઓગસ્ટ રવિવારના રાત્રે ૯ કલાકે વિવિધલક્ષી હોલમાં શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન નલિયાની જનરલ મિટિંગ બોલાવવામાં આવી હતી. આ મિટીંગમાં પરંપરાગત પ્રમાણે શેઠશ્રી નરશી નાથાને યાદ કરી મિટીંગ શરૂ થઈ હતી. આ મિટીંગમાં ઈલેક્શનનો પણ એક મુદ્દો હતો તેની માટે વીરેન્દ્ર ભવાનજી લોડાયાને ચૂંટણી અધિકારી તરીકે નિમવામાં આવ્યા હતા જેઓ નલિયા ગામના સક્રીય મેમ્બર છે તથા વર્તમાનમાં મુંબઈ જૈન જ્ઞાતિ મહાજનમાં ઉપપ્રમુખ પદે છે.

આ વખતે બંધારણના ધારા ધોરણ પ્રમાણે હાજર રહેલા મેમ્બરોએ નીચે પ્રમાણેના ટ્રસ્ટીઓના નામોની નિયુક્તિ કરવામાં આવી હતી જેની યાદી આ પ્રમાણે છે. સ્થાનિકે ટ્રસ્ટી તરીકે મહેન્દ્ર ખીમજી નાગડા-નલિયા તથા રાજેશ લખમશી મોતા-નલિયા. કચ્છના અન્ય વિભાગમાંથી ટ્રસ્ટી તરીકે જુગલ માણેકજી નાગડા-અંજાર, દેશાવરમાંથી મુલચંદ પદમશી મોતા-બડગરા, ચંદ્રેશ દિનેશ નાગડા-વડોદરા તથા મુંબઈ વિભાગમાંથી મનોજ ઝવેરચંદ લોડાયા-અંધેરી, સંજય ચીમનલાલ નાગડા-મુલુંડ, પિનાકીન જેઠાભાઈ છેડા-મુલુંડ, ચેતન લહેરચંદ નાગડા-ડોંબિવલી, યશ વીરેન્દ્ર લોડાયા-મુલુંડ તથા અર્પણ ફાલ્ગુન ખોના-ભાંડુપ. સર્વે સંમતિથી ટ્રસ્ટી તરીકે નિમણૂંક કરવામાં આવ્યા હતા.

ટૂંક સમયમાં પદાધિકારીની વરણી કરવામાં આવશે. આ પ્રક્રિયા માટે મહાજન એ ચૂંટણી અધિકારીનો આભાર માન્યો હતો એમ આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

# મોટી ખાવડી સંઘમાં મહાવીર સ્વામી જન્મ મહોત્સવ અદ્‌ભૂત ભાવ સાથે ઉજવાયો

હાલાર પ્રાંત વિભાગના મોટી ખાવડી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં મહાવીર સ્વામી જન્મ મહોત્સવ નિમિત્તે તા.૨૮ ઓગસ્ટ રવિવારે સ્વપ્ન દર્શન તથા પારણાના ઘૃત ઉછામણીનું કુલ્લ ઘૃત ઉછામણી ૩૨૭૦૪૭ મણ થયેલ.

# પર્યુષણ પર્વ અવસરે વિવિધ નગર સંઘોમાં પ્રભુજીની ભવ્ય, દિવ્ય અદ્‌ભૂત આંગી કરાઈ



માંડવી કચ્છના અજીતનાથ જૈન દેરાસરે ચોથા દિવસે ભવ્ય આંગી સજાવટ કરાઈ




તામિલનાડુ પ્રદેશના કોઈમ્બતુરના શંખેશ્વર દેરાસરે પ્રભુજીને ચોથા દિવસે ભવ્ય આંગી કરાઈ






દેવલાલી નગરના નવગ્રહ જિનાલયે પર્વના ચતુર્થ દિવસે દિવ્ય આંગી રચના કરાઈ




કર્ણાટક રાજ્યના ગદગ નગર તીર્થે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની પર્વના ચતુર્થ દિને અનોખી આંગી કરાઈ





પર્યુષણ પર્વના આઠ દિવસના અજિતનાથ જૈન દેરાસર માંડવીમાં વિવિધ કલર ભાત શણગાર સાથે આંગી દર્શનનો અદ્‌ભૂત નઝારો



છઠ્ઠા દિવસના માંડવી-કચ્છના અજિત જૈન દેરાસરમાં દિવ્ય આંગીના દર્શન



પર્વના સાતમા દિવસે માંડવીના અજિતનાથ જૈન દેરાસરના આંગી દર્શન

# દક્ષિણ ભારત વિભાગના તીરૂપુર સંઘના શ્રી સુવિધિનાથ જૈન દેરાસરમાં મહાવીર સ્વામી જન્મ મહોત્સવ ધામધૂમથી થયો







તા.૨૮ ઓગસ્ટ રવિવારના દક્ષિણ ભારત વિભાગના તીરૂપુર સંઘના શ્રી સુવિધિનાથ જૈન દેરાસરમાં પર્યુષણ પર્વના પાંચમા દિને મહાવીર જન્મોત્સવ ભાવ ધર્મ આરાધના સાથે ઉજવાયો. પ્રભુનું પારણું પધરાવવાને લાભ હંસરાજ વેરશી નાગડા પરિવારે લીધેલ. ૧૪ સ્વપ્ન દર્શન પ્રસંગ અનોખા ભાવ સાથે થયો. શ્રાવક શ્રાવિકાઓની ઉત્સાહભેરની ઉપસ્થિત રહી હતી.

# વ્યાપાર જગત દ્વારા ભુજની માનવજ્યોત સંસ્થાને વર્ષ ૨૦૨૨ ગ્રીન એન.જી.ઓ. એવોર્ડ અર્પણ કરાયો




વ્યાપાર જગત ગ્રીન પ્રેનર દ્વારા માનવજ્યોત સંસ્થા ભુજને વર્ષ-૨૦૨૨ શ્રેષ્ઠ ગ્રીન એન.જી.ઓ. એવોર્ડ અમદાવાદ મધ્યે અર્પણ કરાયો.

રાષ્ટ્રીય લેવલે વ્યાપાર જગત દ્વારા ગ્રીન પ્રેનર નેશનલ મીટનું આયોજન અમદાવાદ મધ્યે કરવામાં આવ્યું હતું. જેમાં દેશભરમાંથી શ્રેષ્ઠ કું. સંચાલકો જોડાયા હતા.

એવોર્ડ સમારોહ કાર્યક્રમનું મુખ્ય મહેમાન પદ વ્યાપાર જગતનાં ફાઉન્ડર ડો. પ્રવીણ પરમાર, ફેડરેશન ઓફ ગુજરાત ખોડીયાર ગ્રુપ મહેસાણાનાં પ્રમુખ શ્રી કાન્તીભાઇ પટેલ, લાયન્સ કલબ કલોલ ડીસ્ટ્રીકટ ચેરમેન શ્રી ગોવિંદભાઇ પટેલ, ગણપત યુનિવર્સીટી વાઇસ ચાન્સલર શ્રી રાકેશ પટેલ, આર્યવર્થ સંસ્થાનાં ડો. ક્રિનાસિંગ આર્ય, એરીસ્ટો એસોસીયેટ્સનાં ક્રિષ્ણાબેન મહેતા, સિલ્વર ટચ હોસ્પીટલનાં ડો. ઋતવીજ પટેલ, કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઇન્ડીયા અમદાવાદનાં ચેરમેન નિરજ શાહ અને હેમચંદ્ર આચાર્ય યુનિવર્સીટીનાં ડો. મનીષ દોશીએ શોભાવ્યું હતું.

વ્યાપાર જગત ગ્રીન પ્રેનર એવોર્ડ માટે દેશભરમાંથી જુદા-જુદા ક્ષેત્રોમાંથી શ્રેષ્ઠ કામગીરીની ૩૫૦ અરજીઓ આવેલ. જે પૈકી ૫૫ વ્યક્તિઓની એવોર્ડ માટે પસંદગી કરાઇ હતી. કચ્છમાં સેવાકીય વૃત્તિઓ કરનાર ભુજની માનવજ્યોત સંસ્થાને શ્રેષ્ઠ સેવાકીય પ્રવૃત્તિઓ માટે વર્ષ ૨૦૨૨ ગ્રીન એન.જી.ઓ. એવોર્ડ અર્પણ કરવામાં આવેલ. સંસ્થાનાં પ્રમુખ શ્રી પ્રબોધ મુનવરે એવોર્ડ સ્વીકારી વ્યાપાર જગતનો આભાર માનેલ. આનંદ રાયસોની તથા સંસ્થાનાં કાર્યકરો આ સંગે સાથે જોડાયા હતા.

# જિનેશ્વરધામ હૈદ્રાબાદ સિટી સંઘમાં દ્વાર ઉદ્‌ઘાટન વિધિ કરાઈ





ભાદરવા સુદ ૬ ગુરૂવાર તા.૧ સપ્ટેમ્બરના સવારે તેલંગણા રાજ્યની રાજધાની હૈદ્રાબાદ સિટીના જિનેશ્વર ધામ સંઘમાં દ્વાર ઉદ્‌ઘાટન વિધિ સંપન્ન થઈ. લાભાર્થી અ.સૌ.રશ્મિબેન રાજેશ લોડાયા નલિયા હૈદ્રાબાદ.

---

# ધુલિયા સંઘમાં ભગવાન વીર પ્રભુજીના પારણાનો વરઘોડો નીકળ્યો

તા.૨ સપ્ટેમ્બર શુક્રવારના સવારે ૮ કલાકે ખાનદેશ પ્રાંતના ધુલિયા સંઘમાં ભગવાન વીર પ્રભુજીનો પારણા પધરાવવાનો વરઘોડો ચતુર્વિધ સંઘ સાથે લાભાર્થી ઠાકરશી રણશી ગોઅર ગોઅરસમા પરિવાર તરફથી શીતલનાથ જૈન મંદિર ગલ્લી નં.૨થી નીકળ્યો. રાતે ૮ કલાકે વીરપ્રભુના પારણાના દર્શન વંદન સાથે ભક્તિ ભાવનાનો લહાવો લાભાર્થી પરિવારના નિવાસ સ્થાન, ગણેશ એપાર્ટમેન્ટ, મધુબન કોલોની, અગ્રવાલ નગર, માલેગામ રોડ, ધુળે સ્થળે સકલ સંઘએ લીધો હતો.

---

# વ્યક્તિનો વિકાસ એટલે જ્ઞાતિની સમૃદ્ધિ

શ્રી સમસ્ત મહાજનની મિડીયા પ્રસાર સમિતિ દ્વારા બીટુબી ના સહયોગથી એક નવો પ્રકલ્પ શરૂ કરવા જઈ રહ્યા છીએ. આમાં તમે મુશ્કેલ પરિસ્થિતિઓ સામે ખંત ખમીર અને સાહસથી લડીને વ્યવસાય વિકસાવ્યો છે. આપ હુનરને આગળ વધાર્યો છે અને પરિવાર માટે આવકનો સ્ત્રોત ઉભો કર્યો છે. એ પ્રેરણા ભરી વાતો જેમાં ક્યા સંજોગોમાં વ્યાપાર ધંધો શરૂ કર્યો, કેવી તકલીફો સહન કરી આગળ વધ્યા એ બધી વાતો જ્ઞાતિજનો સુધી પહોંચાડવા અને તેમાંથી સૌ કોઈ પ્રેરણા લે એ પ્રયોજનથી જ્ઞાતિમૈયા ઈ મેગેજીનમાં પ્રગટ કરાશે. તો કૃપા કરીને આપેલ લિંક ઓપન કરી ફોર્મમાં વિગતવાર માહિતી આપશો એ વિનંતી.

**અહ્યા કલીક કરીને વિગતવાર માહિતી આપીને આ ફોર્મ ભરો**

# ખંડવા સંઘમાં પર્યુષણ પર્વ અદ્‌ભૂત ધર્મ ભાવ સાથે ઉજવાયો






મધ્યપ્રદેશ રાજ્યના ખંડવા નગર સંઘના શ્રી જગવલ્લભ પાર્શ્વનાથના સાંનિધ્યમાં આ વર્ષે પર્યુષણ પર્વ ચાતુર્માસ બિરાજીત પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. અને પ.પૂ. સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની નિશ્રામાં અદ્‌ભૂત ધર્મ ભાવ સાથે ધામધૂમથી ઉજવાયો. બહારગામથી પર્વ માટે ૨૦ ભાઈ બહેન પધાર્યા હતા. તપસ્યામાં ૧૬ ઉપવાસ ૧ અને ૮ ઉપવાસના ૧૦ તથા અઠમ તપના પણ તપસ્વી હતા. સાથો સાથ સમોશરણ તપ, અક્ષય નિધિતપ, ૧૪ પૂર્વ તપના તપસ્વી હતા.

બીજના દિવસે સ્વપ્નનું કુલ્લ ધૃત ૯૮ હજાર મણ થયું. ચોથના દિવસે સકલ સંઘના તપસ્વીઓની સાંજી રાખવામાં આવી. પાંચમના દિવસે પ.પૂ.મ.સા. દ્વારા સરસ રીતે બારસા સૂત્રનું વાંચન કરવામાં આવ્યું. પછી ક.દ.ઓ. સંઘ ચૈત્ય પરિપાટી માટે નેમિનાથ દેરાસર ગયા. છઠના દિવસે સર્વ પ્રથમ શેઠ નરશીનાથાના ફોટો ઉપર માલ્યાપર્ણ કરી ચાતુર્માસ કરવા પધારેલા ભાઈ બહેનનું કદઓ મહાજન તરફથી સન્માન કરવામાં આવ્યું. સાથે જ સકલ સંઘ સાથે સામૂહિક ક્ષમાપના કરવામાં આવી. સાતમ દિવસે સકલ જૈન સંઘનું સ્વામી વાત્સલ્ય કદઓ સંઘ તરફથી રાખવામાં આવ્યું. આઠમના દિવસે અચલગચ્છ અધિષ્ઠાયિકા મહાકાલી માતાજીની ભાવના થઈ. પર્વના દસેય દિવસ કદઓ સંઘની બન્ને સમયની સાધર્મિક ભક્તિ દાતાઓ પરિવાર તરફથી રાખવામાં આવેલ હતી.

# માંડવીમાં સમસ્ત જૈન સમાજના પાંચેગચ્છના તપસ્વીઓનો સામુહિક પારણાતોત્સવ સંપન્ન થયો

અચલગચ્છના ગણિવર્ય પ.પૂ.શ્રી રાજરત્નસાગરજી મ.સા., પ્રખર પ્રવચનકાર પ.પૂ.શ્રી પ્રિયંકરસાગરજી મ.સા. આદિઠાણા ૧૦ અને બંદરીય નગર માંડવીમાં ચાતુર્માસ બિરાજમાન સાધુ સાધ્વી ભગવંતોની પાવન નિશ્રામાં વિવિધ તપસ્યાઓ કરેલ આરાધકોના સામૂહિક પારણા જૈનપુરીમાં કરાવવામાં આવ્યા. પ.પૂ.ગણિવર્ય મ.સા.એ માંગલિક શ્રવણ ફરમાવ્યું હતું. આ પ્રસંગે અચલગચ્છ સંઘ તરફથી પારણાના લાભાર્થી ત્રણેય પરિવારોનું અભિવાદન કરાયું હતું. બપોરે છ ફિરકાઓના સૌ માટે સવારના નવકારશી અને બપોરના સ્વામિવાત્સલ્યનું આયોજન થયું હતું.

# સંજીવની કેસ નં.૮૬ની જરૂરિયાત રૂા.૧.૩૨ લાખ જમા થઈ જતાં કેસ બંધ કરાયો




૫૮ વર્ષીય કેતન જી. શાહ (ધરમશી) સાંધાણ કોઈમ્બતુર તા.૨૮ ઓગસ્ટના દિને અકસ્માતે પડી જતાં તેમના જમણા પગનું હાડકું બે ટૂકડા થઈ ગયું જેને માટે ઈમર્જન્સી સર્જરી માટે રૂા.૧.૩૨ લાખની જરૂરિયાત માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે અરજી મૂકી હતી. આજ સુધીની દરેક કેસ અરજીઓમાં ઉદાર દિલ દાતાઓ, શ્રેષ્ઠીજનો એ આપેલ તાત્કાલિક પ્રતિસાદ જેવો આ કેસમાં આપતા ટૂંકા ગાળામાં જ જરૂરી ભંડોળ રકમ જમા થઈ જતાં આ કેસ ક્રાઉડ ફંડિગ માટે બંધ કરાયો છે.

પર્યુષણ પર્વ સમયે તપ, જપ, આરાધના ધર્મભક્તિ સાથે દયા, કરૂણા અને સહકાર ભાવના ઝરણા વહે એ પણ જરૂરી છે. જે આ કેસમાં સાબિત થયું છે. મેડિકલ સમિતિ સર્વે દાતાઓ, મહાજન સંસ્થાઓ તેમજ જ્ઞાતિજનોની ખરા દિલથી અનુમોદના કરે છે.

# સમસ્ત મહાજનની પ્રવૃત્તિઓના બેનર લગાવી દેશ દેશાવરના મહાજનોએ સપોર્ટ આપ્યો




અમદાવાદ કદઓ જૈન મહાજનના પદાધિકારીઓ સમસ્ત મહાજનના બેનર હેઠળ.




જખૌ તીર્થે સમસ્ત મહાજનના બેનર લગાવી બંધુત્વ ભાવ દર્શાવતા જખૌવાસી જ્ઞાતિજનો

## યવતમાલ સંઘમાં પ્રભુજી પારણાનો વરઘોડો અદ્‌ભૂત ભાવ સાથે થયો







શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ યવતમાલ મધે પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં પ્રભુજીનો પારણું લાભાર્થી પરિવાર લહેરભાઈ શામજી નાગડા નલિયા યવતમાલના નિવાસ સ્થાને પધરાવીને ધામધૂમપૂર્વક વરઘોડા સાથે ઉત્સાહભાવ સાથે લાવ્યા.



Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR®
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● વિશ્વ ક્રિકેટ કાઉન્સિલ એટલે કે આઈસીસીના ડાયરેક્ટર પદે મૂળ માંડવીના અને ઓમાન ક્રિકેટ કાઉન્સિલના ચેરમેન એવા પંકજ કનક સિંહ શેઠ ચૂંટાયા છે. આ પદે ચૂંટાઈ આવનારા પ્રથમ કચ્છી છે. બ્રિટનના બર્મિંગહામમાં યોજાયેલ. આઈસીસીની મિટીંગમાં કુલ્લ ૪૦ દેશોએ ભાગ લીધો હતો અને પંકજ શેઠને ૨૪ મત મળેલ હતા. આ ઉપરાંત તાનાઝિયા ક્રિકેટ કાઉન્સિલના પ્રમુખ મૂળ સુખપર રોહાના પ્રેમજીભાઈ રવજી પીંડોરિયાએ પણ આ બેઠકમાં ભાગ લીધો હતો. આમ વિશ્વ ક્રિકેટ બોર્ડમાં બે કચ્છી અલગ અલગ દેશનું પ્રતિનિધિત્વ કરી કચ્છનું ગૌરવ વધાર્યું હતું. આ બંન્નેએ બીસીસીઆઈ પ્રમુખ સૌરભ ગાંગુલી અને મંત્રી જય શાહને મળીને કચ્છને મેદાન મળે એ માટે વિનંતી કરી હતી.

● જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના ઉપાધ્યક્ષ પદે માંડવીના ભાવિન જે શાહની વરણી કરાઈ છે. માદરે વતનમાં તેમનું અભિવાદન સમારોહ યોજાયો. ૪૭ વર્ષની વયે ઉપાધ્યક્ષપદે સેન્ટ્રલ બોર્ડમાં વરણી થવી એ પ્રથમ પ્રસંગ હોવાનું અધ્યક્ષ સ્થાનેથી રમેભાઈ મોરબિયાએ જણાવ્યું હતું. ભાવિન શાહ માંડવી સેન્ટરના સ્થાપક મંત્રી, ૨૦૦૫-૦૬માં પ્રમુખ તથા છેલ્લા ૧૬ વર્ષથી જેજેસી કચ્છના કો-ઓર્ડિટર તરીકે અને છેલ્લા ૨ વર્ષથી જેજેસી સેન્ટ્રલ બોર્ડના મંત્રી તરીકે સેવા આપી હવે ઉપપ્રમુખ તરીકે વરાયા છે જે બદલ કચ્છીપાઘ શાલ, માળા, સન્માનપત્ર સાથે સન્માન કરાયું. ઉચ્ચ અભ્યાસ શિક્ષણ માટે ૬૨ કરોડ રૂપિયા ફાળવાયા હોવાનું તેમજ બિઝનેસ લોન, મહિલાઓને પગભર બનાવવાની પ્રવૃત્તિઓ સમૂહલગ્ન પરિચય મેળો વિગેરે મુખ્ય પ્રવૃત્તિ હોવાનું જણાવ્યું હતું.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને કાયદા શાસ્ત્રના વિદ્યાર્થી માટે તેમજ પ્રેક્ટિસનરો માટે અદ્યતન પુસ્તકો પ્રકાશિત કરતી દેશની સૌથી ટોચની નવી દિલ્હી સ્થિત પ્રકાશન કંપની ભારત લો હાઉસ લિ.એ કચ્છની મહિલા સી.એ. ચુનૌતિ હર્ષેન્દુ ધોળકિયા દ્વારા લખાયેલ પુસ્તક ઓલ એબાઉટ ટ્રસ્ટ એન્ડ એનજીઓસ ઉપર  ૬૮૦ પાનાના આ પુસ્તકમાં ટેક્સ બાબતે અદ્યતન જોગવાઈઓ, જીએસટી અને ટ્રસ્ટ એક્ટ એમ ત્રણેય મહત્વના કાયદાઓની સર્વગ્રાહી સરળ ભાષામાં સીએ, ટેક્સ પ્રેક્ટિશનરો તેમજ વિદ્યાર્થીઓને ઉપયોગી નીવડે એવું છે. સામાન્ય રીતે આવા પ્રકાશન ગૃહોમાં મુંબઈ, દિલ્હી જેવા મોટા શહેરોના ચાર્ટડ એકાઉન્ટન્ટો, કાયદા શાસ્ત્રીઓ લેખકો તરીકે પસંદ થતાં હોય છે. પરંતુ પ્રથમવાર કચ્છ ભુજના સી.એ.ની પસંદગી કોઈ સ્થળ કે સંશોધનોની મર્યાદાને પાર કરીને હાંસિલ થઈ છે.

● ભુજિયા ડુંગર તળેટીમાં સ્મૃતિવનની લગોલગ ૧૦ એકર વિસ્તારમાં પ્રાદેશિક વિજ્ઞાન સંગ્રહાલયનું નિર્માણ કાર્ય ૮૫ કરોડના ખર્ચે સંપન્ન થયું. આનું ભૂંગા આકારનું બાંધકામ કચ્છીયતની ઓળખ કરાવશે. આ પ્રાદેશિક સંગ્રહાલયમાં મરિન નેવિગેશન સ્પેસ સાયન્સ, એનર્જી સાયન્સ, નેનો ટેક્નોલોજી ફિલ્ડસ મેડલ અને બોસાઈ નામની છ થીમ ગેલેરી છે. વૈજ્ઞાનિક પરીક્ષણ કરવા માટે વેધશાળા, થ્રીડી મૂવી થિયેટર, થીમ આધારિત લેન્ડ સ્કેપિંગ ગાર્ડન, તમામ થીમમાં વિષયને અનુરૂપ નિષ્ણાતોનું માર્ગદર્શન વિજ્ઞાનમાં રસ ધરાવતા લોકો માટે કાર્યશાળાનું આયોજન કરવાની અલાયદી વ્યવસ્થા વિગેરે સુવિધા છે.

● મુંદરા નગરના પાદરમાં આવેલા ઐતિહાસિક રાજાશાહીના જમાનાના જેરામ સર તળાવને રૂા.૪.૮૦ કરોડના ખર્ચે રિનોવેશન કરીને તેમાં નાના અને મોટા તળાવનું ખાણેત્રું કરવું. તળાવના કિનારે વોક વે, લાઈટિંગ સુવિધા તથા સિનિયર સિટીઝનો માટે જુદા જુદા અંતરે વિસામા તૈયાર કરી નગરના જોવાલાયક સ્થળમાં રૂપાંતર કરવામાં આવશે.

● તાલ વગાડી ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે. રાજકોટમાં હેમુ ગઢવી નાટ્યગૃહમાં સતત ત્રીજા વર્ષે નગીનદાસ સંઘવી સ્મૃતિ સમિતિ દ્વારા નચિકેતા એવોર્ડ વિતરણનું આયોજન કરાયું. આ વર્ષે જાણીતા વરિષ્ઠ પત્રકાર ભવેન કચ્છીને મોરારી બાપુના હસ્તે એવોર્ડ એનાયત કરાયો. આ પ્રસંગે મોરારી બાપુએ જણાવ્યું હતું કે પત્રકાર હનુમાન હોવો જોઈએ. મંથરા જેવો નહીં. પત્રકાર સમાજના દરેક પ્રશ્નોને વાચા આપી મદદ કરવી જોઈએ.

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

PRESENTS



# RHD UNNATI LOAN
# INTEREST FREE

Now Expand & Secure Your Business with Quick & Hassle free Business Loans

**LAUNCH DATE : 4TH JULY 2022**

Minimum ₹ **50000** and
Maximum upto ₹ **5 Lakhs**

ROI 9.5% p.a. will be borne by the trust.

Processing Fee of 1% on the loan amount will be borne by the trust.

The borrower will only have to pay the monthly EMI timely

In Association with

**ARIHANT BANK**
AC BL Estd 1984
SHRI ARIHANT CO-OP. BANK LTD.

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai – 400 083
T : 022 25799326 / 9619486622 | F : 022 25799323

FOR ANY FURTHER DETAILS REQUEST YOU TO PLEASE CONTACT ANY OF THE BELOW MENTIONED BRANCHES

| | | | | |
|---|---|---|---|---|
| **MASJID BUNDER** 86526 30384 | **MATUNGA (CR)** 86526 30389 | **GHATKOPAR** 86526 30383 | **BHANDUP** 86526 30381 | **MULUND** 86526 30382 |
| **THANE** 86526 30388 | **DOMBIVALI** 86526 30386 | **BORIVALI** 86526 30390 | **MOHILI VILLAGE** 86526 30385 | **VASHI** 86526 30387 |

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)